# મહોત્સવનાં ભજનો

## ॥ ૪૩ ॥

(શ્રી અક્ષરપુરુષોત્તમ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ, અનુપમ મિશન, મોગરી)

જય જય અક્ષર જય જય પુરુષોત્તમ ગાઓ રે... (૪)
સ્વામિનારાયણ નારાયણ... સ્વામિનારાયણ નારાયણ... (૪)

રૂડાં મંદિરજી રચાવે, સ્વામી સંગે શ્રીજી આવે, (૨)
જીવતર જઈએ વારી વંદન, ધરીએ ભાવે રે, (૨)
આવ્યો અવસર છે રૂમઝૂમતો, વ્હાલા સંતો અક્ષરમુક્તો, (૨)
હૈયાં હરખે ઉરમાં આનંદ ન માતો રે... (૨)
સ્વામિનારાયણ નારાયણ...

પુણ્ય ધરા ભારતની ગુર્જર ભૂમિ, તીરથ ધામે, (૨)
યોગીરાજના પદપંકજથી, બ્રહ્મજ્યોતિ જે પામે, (૨)
એવા અનુપમ તપની ભૂમિ પર ગાજે રે... (૨)
સ્વામિનારાયણ નારાયણ...

સાચા સુખનું છે સરનામું, મંદિર મંગલ જાણું, (૨)
સંતો ને ભક્તોની, ભક્તિનું અદ્‌ભુત નજરાણું, (૨)
સૌના હૈયે વહેતી ભાવની ગંગા ગાજે રે... (૨)
સ્વામિનારાયણ નારાયણ...

સંપ એકતા, સુહૃદભાવની, ધજા શિખર પર ફરકે, (૨)
સેવા સુમિરન, નિર્દોષભાવના, કળશ સુવર્ણના ચળકે, (૨)
એવા મંદિરજીમાં સાહેબજી બિરાજે રે... (૨)
સ્વામિનારાયણ નારાયણ ગાજે રે...
રૂડાં મંદિરજી રચાવે...